ગાંધીનગર સમાચાર

માર્ચના અંતે પણ કોન્ટ્રાકટરોને કાવડીયા ન ચુકવાતા પ્રબળ આક્રોશ

# સે-૧ તળાવ વિકાસની યોજનાના નામે ૭ કરોડનો ખર્ચ પરંતુ માત્ર ખાડો જ ખોદાયો

ગાંધીનગર તા ૩૦
સે-૧માં તળાવ વિકાસની યોજનાનુ એક દાયકાના અંતે પણ ઠેકાણુ પડયુ નથી. તળાવમાં પાણીનુ ટીંપુ પણ જોવા મળતુ નથી. કરોડોના ખર્ચે તંત્ર દ્વારા મોટોમસ ખાડો ઉભો કરી દેવાયો છે. જયારે તળાવને અનુલક્ષી તંત્ર દ્વારા તૈયાર કરાયેલી ફુડકોર્ટ પણ ખંડેર બનતી જાય છે.ફુડકોર્ટના નિર્માણ માટે અંદાજિત ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.જયારે ફુડકોર્ટની દુકનો ભાડે આપવા માટે અગાઉ હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયા પણ રદ થતા બે વર્ષના અંતે પણ ફુડકોર્ટ ધમધમતી ન થતા સહેલાણીઓમાં પણ નિરસતા વ્યાપી છે.

## તળાવને અનુલક્ષી નિર્માણ કરાયેલી ફુડકોર્ટને પણ તાળા સહેલાણીઓમાં નિરાશ

શહેરના સે-૧ના તળાવને વિકસાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે એક દાયકાના અંતે પણ તળાવને પિકનિક સ્પોટ બનાવાનુ સ્વપ્ન હજુ સાકાર થયુ નથી. તળાવમાં વર્ષમાં એકવાર પણ માંડ પાણી જોવા મળે છે. ત્યારે તળાવનો નઝારો નિખરે તે માટે તંત્ર દ્વારા કાયમી પાણી ભરાઈ તેવી વ્યવસ્થા પણ લાંબા સમયના અંતે ગોઠવી શકાઈ નથી. તળાવ વિસ્તારમાં સહેલાણીઓને ખાણીપીણીની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે ફુડકોર્ટ બનાવવામાં આવી છે.જયારે ફુડકોર્ટના નિર્માણ માટે રૂ ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ફુડકોર્ટમાં ૫ જેટલી દુકાનો ઉભી કરવામાં આવી છે. જયારે લાંબા સમયથી ખાલી ભાસતી ફુડકોર્ટની દુકાનો ફાળવવા માટે અગાઉ તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ કોઈકારણોસર ફુડકોર્ટની દુકાનો માટે ટેન્ડર પ્રક્રીયા રદ કરી દેવાતા ફુડકોર્ટનુ હજુ સુધી ઠેકાણુ પડયુ નથી. એકબાજુ સહેલાણીઓને આકર્ષવા માટે તળાવને વિકસાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ તળાવ વિકાસની યોજના લોકભોગ્ય બને તે માટે કોઈ પ્રયાસો કરવામાં આવતા નથી. તળાવની જેમ કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયેલા સ્વર્ણિમ પાર્કમાં ફુડકોર્ટ શરૂ કરવાનુ ઠેકાણુ પડયુ નથી. સ્વર્ણિમ પાર્કમાં ૧૫ જેટલી દુકાનો પણ બિનઉપયોગી હાલતમાં ખંડેર ભાસી રહી છે. સ્વર્ણિમ પાર્ક તેમજ તળાવ માટે લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુડકોર્ટ કંગાળ ભાસી રહી છે. વિભાગ દ્વારા લાંબા સમયથી કોઈ નિર્ણય લેવાતો નથી. જેના પરિણામે સહેલાણીઓને પણ કોઈ સુવિધા મળતી નથી.



બમ્પ - શહેરના સેક્ટરના આંતરિક માર્ગો પર વાહનની ગતિ નિયંત્રીત કરવા બમ્પ બનાવાઈ રહ્યા છે... દિનપ્રતિદિન વધતી વાહનોની સંખ્યા, પહોળા માર્ગો અને આડેધડ ચલાવાતા વાહનોથી સર્જાતા અકસ્માતોને નાથવા બમ્પ અનિવાર્ય બન્યા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ધોરણ-૧૧ સેમેસ્ટર-૨માં જીવવિજ્ઞાનનુ પેપર સરળ

## જિલ્લામાંથી ૩૪૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

ગાંધીનગર તા ૩૦
ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ માં આજે જીવવિજ્ઞાનનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. પ્રશ્નપેપરમાં બે એમ સી ક્યુ ટવિસ્ટ કરીને પુછાયા હતા. જયારે બે પ્રશ્નો આકૃતિવાળા પુછાતા વિદ્યાર્થીઓ નિયત સમયમાં પેપેર પુર્ણ કરી શકયા હતા. જીવવિજ્ઞાનનુ પેપર પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓની મુંઝવણ દુર થઈ હતી. જિલ્લામાંથી ૩૪૦૦ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી.

ધોરણ -૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષાના બીજા દિવસે આજે જીવવિજ્ઞાન વિષયની પરિક્ષા યોજવામાં આવી હતી. જિલ્લામાંથી ૩૪૦૮ પૈકી ૩૪૦૦ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી જયારે ૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. વિષય નિષ્ણાંત ડો અજયસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ ભાગ અ માં ૫૦ ગુણના એમ સી ક્યુ પૈકી ૨ ટવિસ્ટ કરીને પુછાયા હતા.જયારે બે પ્રશ્નો જ આકૃતિવાળા પુછાયા હોવાથી વિદ્યાર્થીઓ સમય મર્યાદામાં પેપર પુર્ણ કરી શકયા હતા. મેડીકલ ગૃપના વિદ્યાર્થીઓ માટે મુખ્યવિષયનુ પેપર સરળ નિકળતા ખુશહાલ જોવા મળ્યા હતા. ધોરણ -૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષામાં પ્રથમ રસાયણવિજ્ઞાનનુ પેપર પણ પ્રમાણમાં સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો થયો હતો. જયારે જીવવિજ્ઞાનનુ પેપર પણ પાઠયપુસ્તક આધારિત હોવાથી પરિક્ષાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો. જિલ્લામાં પરિક્ષા દરમિયાન તમામ પરિક્ષા સ્થળો પર સી સી ટી વી કેમેરાની વોચ રાખવામાં આવી છે. જયારે પરિક્ષા દરમિયાન એકપણ કોપી કેસ નોંધાયો નથી.

# શિક્ષણ સમિતિના મુદ્દે કરાયેલ રીવીઝન અરજી પાછી ખેંચાઈ !!

## બે જૂથો વચ્ચે સમાધાન માટે પ્રદેશની દરમ્યાનગીરીથી મામલો થાળે પાડવાના ચક્રો ગતિમાન : આજે બજેટ પણ ખાસ સામાન્ય સભામાં મંજૂર કરી દેવાશે

ગાંધીનગર, તા. ૩૦
ગાંધીનગર જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેનોની નિયુક્તીના મુદ્દે થયેલા વિવાદમાં આજે વધુ એક નાટ્યાત્મક વળાંક આવ્યો છે. શિક્ષણ સમિતિની કાર્યવાહી નોંધ રદ કરવાના નિર્ણય સામે રિવીઝન અરજી પંચાયત સચિવને કરનાર શ્રી ભાવિનસિંહ ઠાકોરે તેમની અરજી પાછી ખેંચી લીધી છે.

શ્રી ઠાકોરે જણાવ્યું છે કે પક્ષના આદેશને માન આપી તેમણે આ અરજી આજે પાછી ખેંચી લીધી છે. હવે જિલ્લા વિકાસ અધિકારી શ્રી દ્વારા શિક્ષણ સમિતિની બેઠક બોલાવવા અંગેનો નિર્ણય કરી અને સભ્યોને તેની જાણ કરશે.

મળતી વિગતો પ્રમાણે સમિતિઓના ચેરમેનોની નિયુક્તીમાં થયેલા બળવાના પડઘા પ્રદેશ કક્ષા સુધી પડતાં પ્રદેશ નેતાગીરીની દરમ્યાનગીરીથી આ મામલો થાળે પડ્યો હોવાનુ મનાઈ રહ્યું છે. પ્રદેશ નેતાગીરી હવે જિલ્લાના પ્રશ્ન અંગે સતત સ્થાનિક આગેવાનો સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાના - ૭ પર

# હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશનના ચેરમેન તરીકે વાડીભાઈ પટેલ નિમાયા

ગાંધીનગર, તા. ૩૦
ગાંધીનગર જિલ્લા ભાજપના અગ્રણી શ્રી વાડીભાઈ પટેલની ગુજરાત હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશનના ચેરમેન તરીકે બિનહરિફ નિયુક્તી આજે કરવામાં આવી છે.

શ્રી વાડીભાઈ પટેલ રાજ્યના પૂર્વ સહકાર મંત્રી રહી ચુક્યા છે. આ ઉપરાંત વિધાનસભાના દંડક તરીકે પણ સેવાઓ આપી ચુક્યા છે. તેઓ છેલ્લે ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન તરીકે સેવાઓ આપતા હતા. શ્રી પટેલની આજે થયેલ નિયુક્તીને પગલે જિલ્લા ભાજપમાં આનંદની લાગણી પ્રસરી જવા પામેલ છે.

ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.હા. ફા. કોર્પો.લિ.,ની ચેરમેનશ્રી/વાઈસ ચેરમેનશ્રીની ચૂંટણી ચૂંટણી સત્તાધિકારી અને ઈ.ચા. સીટી ડેપ્યુટી કલેક્ટર શ્રી (પશ્ચિમ), અમદાવાદના અધ્યક્ષ સ્થાને તા. ૨૯-૩-૨૦૧૬ના રોજ ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ. જેમાં ભારતીય જનતા પક્ષના નિરીક્ષક કૌશિકભાઈ પટેલ, શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ એ ભારતીય જનતા પક્ષ દ્વારા ચેરમેન તરીકે શ્રી વાડીલાલ ભાયચંદદાસ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે શ્રી નિલેષ ગોપાલસિંહ સોલંકીની વરણી કરવામાં આવેલ હતી. જેને ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.હા.ફા. કોર્પો. લિ.,ના ડીરેક્ટર્સ તરફથી સહર્ષ સ્વીકારી બીનહરીફ વરણી કરવામાં આવી હતી. ચેરમેનશ્રી વાડીલાલ ભાયચંદદાસ પટેલ અને વાઈસ ચેરમેન શ્રી નિલેષ ગોપાલસિંહ સોલંકીએ ભારતીય જનતા પક્ષ તથા આવેલ નિરીક્ષકશ્રીઓના તથા ચૂંટાયેલા ડીરેક્ટર્સને પોતાને બીનહરીફ વરણી કરવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# શહેરમાંથી ૪૨૫ બેનર, હોર્ડિંગ્સ આચાર સંહિતાના અમલને લઈ દૂર કરાયા

ગાંધીનગર, તા. ૩૦
ગાંધીનગર મહાનગર પાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણી જાહેર થતાં જ આચાર સંહિતાના અમલ માટે હરકતમાં આવેલ તંત્રએ શહેરમાંથી ૪૨૫ જેટલા બેનર, હોર્ડિંગ્સ અને પોષ્ટર આજે દૂર કર્યા છે.

ગઈકાલે સાંજે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે આચારસંહિતાના અમલ માટે અધિકારીઓની બોલાવવામાં આવેલી તાકીદની બેઠકમાં શહેરમાં લાગેલા બેનર, પોષ્ટર અને હોર્ડિંગ્સ દૂર કરવાની કડક તાકીદ કરવામાં આવી હતી.

તંત્ર દ્વારા બે ટીમો બનાવી આજે સવારથી જ આ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ૪૨૫ જેટલા બેનર, હોર્ડિંગ્સ તેમજ પોષ્ટરો દૂર કર્યા હતા.

● અનુસંધાન પાના - ૭ પર

# મનપાની મતદારયાદીની આખરી યાદી પ્રસિદ્ધ કરાઈ

ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણી માટે આજે મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવી છે. શહેરમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૫૦,૬૬૭ થઈ છે. અગાઉ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ વખતે શહેરમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૫૦,૨૬૮ હતી. આજે જારી કરાયેલી પૂરવણી યાદીમાં ૩૯૯ નવા મતદારો નોંધાયા છે.

નવા મતદારો સૌથી વધુ વોર્ડ નં. ૫માં ૨૦૦ નોંધાયા છે. તો વોર્ડ નં. માં ૫૬, વોર્ડ નં. ૨માં ૧૮, વોર્ડ નં. ૩માં ૨૬, વોર્ડ નં. ૪માં ૩૯, વોર્ડ નં. ૬માં ૧૭, વોર્ડ નં. ૭માં ૨૦ અને વોર્ડ નં. ૮માં ૨૩ મતદારો નવા નોંધાયાલે છે. આજે પૂરવણી મતદારયાદી સાથે વોર્ડ વાઈઝ મતદારોની સંખ્યા આ પ્રમાણે થાય છે.


| | | | |
|---|---|---|---|
| વોર્ડ નં. ૧ | ૧૯૬૭૫ | વોર્ડ નં. ૫ | ૧૯૨૬૭ |
| વોર્ડ નં. ૨ | ૧૯૦૪૩ | વોર્ડ નં. ૬ | ૧૬૧૮૬ |
| વોર્ડ નં. ૩ | ૧૭૯૪૬ | વોર્ડ નં. ૭ | ૨૧૧૯૫ |
| વોર્ડ નં. ૪ | ૧૫૮૮૫ | વોર્ડ નં. ૮ | ૨૧૪૭૦ |

# માર્ચના અંતે પણ કોન્ટ્રાકટરોને કાવડીયા ન ચુકવાતા પ્રબળ આક્રોશ

## કોન્ટ્રાકટરોએ વ્યાજે પૈસા લાવીને મજુરોને ચુકવવા પડે તેવી સ્થિતિ : ટુંકમાં જ નિવારણ નહીં આવે તો ઉગ્ર લડત અપાશે

ગાંધીનગર તા ૩૦
પાટનગર યોજના ભવનમાં છેલ્લા ત્રણ મહીનાથી કોન્ટ્રાકટરોને બીલોની ચુકવણી ન થતા પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. કોન્ટ્રાકટરોને કામોના અંતે પણ સમયસર પૈસા ન ચુકવાતા મજુરવર્ગની હાલત પણ કફોડી બની છે. આ મામલે જવાબદાર અધિકારીઓ પણ ઉધ્ધત જવાબ આપતા કોન્ટ્રાકટર એસોસિએશન આગામી દિવસોમાં જલદ કાર્યક્રમ આપવાના મુડમાં છે.માર્ચના અંત સુધીમાં પણ નાંણાંની ચુકવણી ન થતા કોન્ટ્રાકટરો ઉગ્ર લડતની રાહ અપનાવશે તેવા સુર પણ ઉઠવા પામ્યો છે.

માર્ગ મકાન વિભાગનુ વહીવટી તંત્ર છેલ્લા કેટલાક સમયથી સદંતર ખાડે ગયુ છે. વિવિધ ડિવિઝનલ કચેરીઓમાં મેન પાવરના અભાવે કામગીરીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાયા છે. જયારે વહીવટી પ્રક્રીયા ઉપર પણ વિપરિત અસર થઈ છે. શહેરીજનોને પાયાની સવલતો પુરી પાડવા ઉપરાંત અનેકવિધ વિકાસ કામોની જવાબદારી સંભાળતા પાટનગર યોજના ભવનને જ દુવિધાઓ વિંટળાયેલી છે. સ્ટાફ ન હોવાની બ્યુગલ ફુંકતા અધિકારીઓ પણ કચેરીમાં હાજર હોતા નથી ત્યારે વિભાગની નિરસતાના લીધે કોન્ટ્રાકટરો પણ દયાજનક હાલતમાં મુકાયા છે. એકબાજુ કોન્ટ્રાકટરોને કામોની સામે બીલની ચુકવણી થતી નથી. જયારે આ માટે અધિકારીઓને રજુઆત કરતા ઉડાઉ જવાબ મળે છે. આ મામલે ગાંધીનગર સરકારી કોન્ટ્રાકટર એસોસિએશને રજુઆતમાં જણાંવ્યા મુજબ માર્ચ મહીનાની આખરી તારીખમાં પણ કોન્ટ્રાકટરોને બીલની ચુકવણી કરવામાં આવી નથી. ગ્રાન્ટ ન આવી હોવાના રટણ વચ્ચે કોન્ટ્રાકટરોની હાલત કફોડી બની છે. માલસામાન તેમજ મજુરોને નાણાંની ચુકવણી કરવા માટે વ્યાજે પૈસા લીધા હોવાથી કોન્ટ્રાકટરો આર્થિક ભીંસમાં મુકાઈ ગયા છે. આવા સંજોગોમાં માર્ચના અંતિમ દિવસોમાં પણ બીલની રકમ ન ચુકવાતા કોન્ટ્રાકટર એસોસિએશન હવે ઉગ્ર લડત આપવાના મુડમાં છે.







# જિલ્લામાં ૩૮ વર્ગખંડોના મરામતની કામગીરી ચાલુ છે

## ૧૯૧ વર્ગખંડોના મરામતના આયોજન સામે ૧૫૩માં કામગીરી પૂર્ણ કરાઈ છે : આર.ટી.ઈ. એક્ટ હેઠળ બે વર્ષમાં ૧૫૩૦ બાળકોને પ્રવેશ અપાયો છે : ૪૪૭ ખએડૂતોની તારની વાડ માટેની સહાય મેળવવા બે વર્ષમાં અરજીઓ મળી છે : કૃષિમંત્રી

ગાંધીનગર, તા. ૩૦
ગાંધીનગર જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય અંગે ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ ૨૦૧૫-૧૬માં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લાના એક પણ તાલુકામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ નથી.




● પ્રા. શાળાના ઓરડાઓની મરામત

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાના ઓરડાઓની મરામત અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ ૧૯૧ વર્ગખંડોની મરામતનું આયોજન હતુ. જે પૈકી ૧૫૩ વર્ગખંડોના મરામતનું કામ પૂર્ણ થયું છે, અને ૩૮ વર્ગખંડોના મરામતની કામગીરી હાલ ચાલુ છે જે બને તેમ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૨૦૧૪-૧૫માં દહેગામના ૮, ગાંધીનગરના ૨૫, કલોલના ૧૭ અને માણસાના ૨૦ મળી કુલ ૭૦ વર્ગખંડોની મરામતનું આયોજન હતુ તે તમામ વર્ગખંડોની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

જ્યારે ૨૦૧૫-૧૬માં ૧૨૧ વર્ગખંડોની મરામતનું આયોજન હતુ. જે પૈકી દહેગામના ૫, ગાંધીનગરના ૩૦, કલોલના ૫૦ અને માણસાના ૩૬ વર્ગખંડોનો સમાવેશ થાય છે. આ પૈકી કલોલમાં ૧૮ અને માણસામાં ૨૦ વર્ગખંડોની મરામત કરવાની કામગીરી ચાલુ છે અને તે જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવામાં આવશે.

● આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૫૩૦ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૪-૧૫માં ૪૭૯ બાળકો અને ૨૦૧૫-૧૬માં ૧૦૫૧ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. તેમણે જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષમાં જેટલા બાળકોની અરજીઓ મળી તે તમામ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે.

● કેરોસીનના પરવાના

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લામાં અપાયેલ કેરોસીન વિતરણના પરવાના અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં પુરવઠામંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં કેરોસીન વિતરણ માટે એક પણ ફેરિયાને કે છૂટક વિક્રેતાને નવો પરવાનો આપવામાં આવેલ નથી.

પરંતુ કેરોસીન સહિતની રેશનીંગ ચીજવસ્તુઓના વેચાણ માટે ૩ વ્યાજબીભાવની દુકાનના પરવાના આપવામાં આવેલ છે. આ ૩ પરવાના ગાંધીનગર ગ્રામ્યમાં આપવામાં આવ્યા છે.

સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાન ખોલવા માટે ૫૮ અરજીઓ મળી હતી તે પૈકી ૫૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. જ્યારે ફેબ્રુ.૧૫થી જાન્યુ.૧૬ દરમ્યાન કુલ ૧૬૪ અરજીઓ મળી હતી જે પૈકી ૧૧૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. આમ નવી દુકાનો ખોલવા છેલ્લા બે વર્ષમાં ૨૨૨ અરજીઓ મળી હતી જે પૈકી ૧૬૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

● તારની વાડ માટે સહાય

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે જિલ્લામાં તારની વાડ માટે સહાય મેળવવા છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ અંગે પુછેલા પ્રશ્નન ઉત્તરમાં કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું છે કે કુલ ૪૪૭ અરજીઓ મળી છે.

● અનુસંધાન પાના - ૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com